

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદીપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-04 ■ તા. 22-1-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# ઈજિપ્તના રાષ્ટ્રપતિ ભારતની મુલાકાતે આવશે, પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથી તરીકે ભાગ લેશે

નવીદિલ્હી,તા.૨૧

ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ૨૪ થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૩ સુધી ભારતની મુલાકાતે આવવાના છે. રાષ્ટ્રપતિ સીસીની ભારતની આ બીજી રાજકીય મુલાકાત હશે. વરિષ્ઠ અધિકારીઓ અને ૫ મંત્રીઓ સહિત ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળની સાથે રાષ્ટ્રપતિ ૨૬ જાન્યુઆરીએ ભારતના ૭૪મા પ્રજાસત્તાક દિવસે મુખ્ય અતિથિ બનવાના છે. રાષ્ટ્રપતિ સીસીએ અગાઉ ઓક્ટોબર ૨૦૧૫માં ૩જી ભારત-આફ્રિકા સમિટમાં ભાગ લેવા ભારતની મુલાકાતે આવ્યા હતા અને ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૧૬માં બીજી મુલાકાત લીધી હતી.



ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ભારત અને ઈજિપ્ત રાજનિતિક સંબંધોની સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યા છે. ભારતે જી-૨૦ના પ્રમુખપદ દરમિયાન ઈજિપ્તને 'ગેસ્ટ કન્ટ્રી' તરીકે આમંત્રણ આપ્યું છે, તેમ ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું. રાષ્ટ્રપતિ સીસીનું ૨૫ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ ભવનમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ઔપચારિક સ્વાગત કરવામાં આવશે અને સાંજે ભોજન સમારંભ યોજવામાં આવશે.

રાષ્ટ્રપતિ સિસી ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકર સાથે પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ ઉપરાંત દ્વિપક્ષીય સંબંધોને લગતા મુદ્દાઓ પર અને વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય બેઠક અને

## આ વખતે ગણતંત્ર દિવસ ૨૦૨૩ ખાસ થવાનો છે. કર્તવ્ય પથ પર આયોજીત થનારા ગણતંત્ર દિવસના સમારંભમાં વીવીઆઈપી નહીં પણ રિક્ષા ચાલકોથી લઈને શાકાભાજી વેચનારા ફ્રન્ટ લાઈનમાં બેસશે,

પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો કરવા માટે તૈયાર છે. ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું કે ભારત અને ઈજિપ્ત સભ્યતા, સાંસ્કૃતિક અને આર્થિક જોડાણો અને લોકોથી લોકો વચ્ચેના ઊંડા સંબંધો દ્વારા મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટેની પ્રતિબદ્ધતા, સંરક્ષણ અને સુરક્ષાના ક્ષેત્રોમાં સહયોગ અને પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર સંકલન પર આધારિત છે.

ઉલ્લેખનીય છે કે, ૨૬ જાન્યુઆરીના રોજ કર્તવ્ય પથ ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ઈજિપ્તની ૧૮૦સભ્યોનીસૈન્ય ટુકડી ભાગ લેશે. બંને દેશોની સેનાઓ હાલમાં દ્વિપક્ષીય સૈન્ય સાયક્લોન-આઈ રાજસ્થાનમાં ચાલી રહી છે.બંને દેશો નાણાકીય વર્ષ ૨૦૨૧માં ૭.૨૬ બિલિયન ડોલરના ઉચ્ચ રેકોર્ડ સ્તર સાથે દ્વિપક્ષીય વેપાર સંબંધો ધરાવે છે. ભારતના વિદેશ મંત્રાલયે ભારતથી ઈજિપ્તમાં ૩.૭૪ બિલિયન ડોલરની નિકાસ, જયારે ઈજિપ્તમાંથી ૩.૫૨ બિલિયન ડોલરની આયાત સાથે વેપાર સંતુલિત હોવાનું જાહેર કર્યું હતું. ૫૦ થી વધુ ભારતીય કંપનીઓ ઈજિપ્તની અર્થવ્યવસ્થાના વિવિધ ક્ષેત્રોમાં ૩.૧૫ બિલિયન ડોલર સુધીનું રોકાણ કરે છે, જેમાં ઊર્જા, રસાયણો, ટેક્સટાઇલ, ગાર્મેન્ટ અને રિટેલનો સમાવેશ થાય છે.ઈજિપ્તના રાષ્ટ્રપતિની મુલાકાત દરમિયાન બંને રાષ્ટ્રો વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ ગાઢ બનાવવા પર પણ ચર્ચા થવાની અપેક્ષા છે. ઈજિપ્તે પણ એરક્રાફ્ટના ડેવલપર્સ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના અધિકારીઓ સાથે સ્વદેશી રીતે વિકસિત તેજસ મલ્ટી-રોલ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ ખરીદવામાં રસ દર્શાવ્યો છે.એ યાદ રહે કે આ વખતે ગણતંત્ર દિવસ ૨૦૨૩ ખાસ થવાનો છે. કર્તવ્ય પથ પર આયોજીત થનારા ગણતંત્ર દિવસના સમારંભમાં વીવીઆઈપી નહીં પણ રિક્ષા ચાલકોથી લઈને શાકાભાજી વેચનારા ફ્રન્ટ લાઈનમાં બેસશે, જે વાસ્તવમાં એક ગણતંત્ર રાષ્ટ્રની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે.રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, પરેડ દરમિયાન શ્રમજીવી, તેમના પરિવાર, કર્તવ્ય પથની જાળવણીના કાર્યકર્તા અને સમુદાયના અન્ય સભ્યો જેમ કે રિક્ષા ચાલકો, નાના કરિયાણાની દુકાનવાળા, શાકભાજી વેચનારા મુખ્ય મંચની સામે બેસશે. આ વર્ષના સમારંભનો વિષય તમામ ગણતંત્ર દિવસના કાર્યક્રમોમાં સામાન્ય લોકોની ભાગીદારી છે.

ગણતંત્ર દિવસ સમારંભની શરુઆત પ્રધાનમંત્રી મોદી ૯.૫૧ કલાક પર નેશનલ વોર મેમોરિયલ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપવાની સાથે થશે. ત્યાર બાદ સલેયૂટિંગ ડાયસ પર તેઓ રાષ્ટ્રપતિનું સ્વાગત કરશે. સવારે ૧૦.૩૦ કલાકે સુપ્રીમ કમાંડર ધ્વજારોહણથી પરેડની શરુઆત કરશે અને સમાપન ૨ કલાક ૧૪ મિનિટ બાદ ૧૨.૦૫ કલાકે થશે.

# કાલી પોસ્ટર વિવાદઃ લીના મણિમેકલાઈને જીઝમાંથી મળી રાહત, ધરપકડ પર લગાવી રોક

નવીદિલ્હી,તા.૨૧

આજકાલ બોલિવૂડ ફિલ્મો અને ઓટીટી સિરીઝને લઈને વિવાદો સામાન્ય બની ગયા છે. ક્યારેક ફિલ્મના ટાઈટલને લઈને તો ક્યારેક કોઈ સીનને લઈને વિવાદ શરૂ થઈ જાય છે. અહીં સુધી કે, હવે તો કપડાંને લઈને પણ સોશિયલ મીડિયા પર હંગામો શરૂ થઈ ગયો છે. ગયા વર્ષે ફિલ્મ 'કાલી'ના પોસ્ટરને લઈને દેશભરમાં વિવાદ થયો હતો. જેમાં હિંદુ દેવીને સિગારેટ પીતા બતાવવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે હવે ફિલ્મ નિર્માતા લીના મણિમેકલાઈને તેમના વિવાદિત પોસ્ટરમાં હિંદુ દેવી કાલીને સિગારેટ પીતા દર્શાવતા તેમની સામે નોંધાયેલી એફઆઈઆરના મામલે ધરપકડથી વચગાળાનું રક્ષણ આપ્યું છે.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને પીએસ નરસિમ્હાની બેન્ચે કહ્યું કેઃ આ તબક્કે પ્રાથમિક દૃષ્ટિએ એવું લાગે છે કે બહુવિધ રાજ્યોમાં ક્લૈંઈની નોંધણી મણિમેકલાઈ માટે ગંભીર પૂર્વગ્રહનું કારણ બની શકે છે. આમ કાયદા મુજબ તમામ એફઆઈઆરને એક જગ્યાએ એકીકૃત કરવા અરજી પર રાજ્યોને નોટિસ આપવામાં આવી હતી.

એડવોકેટ ઈન્દિરા ઉન્નીનાયરની સહાયતાથી એડવોકેટ કામિની જયસ્વાલે સર્વોચ્ચ અદાલતમાં મણિમેકલાઈનું પ્રતિનિધિત્વ કર્યુ. તેમણે કહ્યું કે, શોર્ટ ફિલ્મને લઈને ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ અને દિલ્હીમાં અરજીકર્તા વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે.

પીઠે પોતાના આદેશમાં કહ્યું કે- પરિણામ સ્વરૂપ એવી રજૂઆત કરવામાં આવી છે કે, અરજદારને અલગ-અલગ રાજયોમાં એક જ ફિલ્મના કારણે બળજબરીપૂર્વકની કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત ભોપાલમાં અરજદાર વિરુદ્ધ લુક આઉટ સર્ક્યુલર જારી કરવામાં આવ્યો છે. જે એફઆઈઆરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે એ છે જે અરજદારની જાણકારીમાં છે.

અરજદારે કાલી નામના વિવાદાસ્પદ પોસ્ટરને લઈને ફિલ્મ નિર્માતા વિરુદ્ધ વિવિધ રાજયોમાં નોંધાયેલી તમામ એફઆઈઆરને રદ્દ કરવા માટે નિર્દેશની માંગ કરી હતી. મણિમેકલાઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, તે એ વાતથી પણ વ્યથિત છે કે ત્યારપછીની ભયાનક સાયબર હિંસા સામે પગલાં લેવાને બદલે રાજયે તેને ટાર્ગેટ કરી છે. આવી રાજયની કાર્યવાહી ભારતીય બંધારણની કલમ ૧૯(૧) હેઠળ ફિલ્મ નિર્માતા તરીકેના સર્જનાત્મક અર્થઘટનના તેમના અધિકારોનું ઉલ્લંઘન છે. તે તેમના જીવન, સ્વતંત્રતા પ્રતિષ્ઠાના અધિકારો અને કલમ ૨૧ [[/]] ૧૯(૧) હેઠળ સુરક્ષાનું પણ ઉલ્લંઘન કરે છે.

# ડ્રેગન તાઈવાન પર સૈન્ય અને આર્થિક દબાણ બનાવી રહ્યું છે, અમેરિકાએ ચીનને ચેતવણી આપી

## અમે છેલ્લાં કેટલાંક વર્ષોમાં જોયું છે કે ચીને એવો નિર્ણય લીધો છે કે તે દાયકાઓથી યથાવત્ સ્થિતિ સાથે આરામદાયક નથી,

વોશિંગ્ટન,તા.૨૧

ચીન અને તાઈવાન વચ્ચેની દુશ્મનાવટ જૂની છે. તાઈવાન પોતાને એક સ્વતંત્ર રાષ્ટ્ર માને છે, પરંતુ ચીન હંમેશા તેના પર પોતાનો અધિકાર જમાવી રહ્યું છે. છેલ્લા કેટલાક મહિનામાં ચીની ફાઈટર એરક્રાફ્ટ અનેક વખત અન્ય દેશોની સીમામાં ઘુસ્યા છે. અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને ચીનને તાઈવાનની યથાસ્થિતિ બદલવા સામે ચેતવણી આપી છે, જે ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે મહત્વપૂર્ણ છે. શિકાગો યુનિવર્સિટીમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિક્સના સ્થાપક ડિરેક્ટર ડેવિડ એક્સેલરોડ સાથેની વાતચીત દરમિયાન બ્લિંકને શુક્રવારે કહ્યું કે છેલ્લા કેટલાક સમયથી ચીન તાઈવાન પર સૈન્ય અને આર્થિક દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

"તાઈવાનના સંદર્ભમાં, અમે છેલ્લાં કેટલાંક વર્ષોમાં જોયું છે કે ચીને એવો નિર્ણય લીધો છે કે તે દાયકાઓથી યથાવત્ સ્થિતિ સાથે આરામદાયક નથી, જે આપણા દેશો વચ્ચેના સંબંધો અને તેના સંચાલનને અસર કરી રહી છે. મુશ્કેલ પરિસ્થિતિ," તેમણે કહ્યું. હું ખરેખર સફળ રહ્યો છું.

બ્લિંકને કહ્યું, અમે છેલ્લા કેટલાક વર્ષોમાં તેમને (ચીન) જોયા છે. તેઓએ તાઈવાન પર સૈન્ય દબાણ, આર્થિક દબાણ વધાર્યું છે, તેઓ વિશ્વભરના આંતરરાષ્ટ્રીય સંગઠનો અને દેશો સાથે તેના સંબંધો તોડવા પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે યુએસના પરિપ્રેક્ષ્યમાં યથાસ્થિતિએ કામ કર્યું છે અને તે તાઈવાન સ્ટ્રેટમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે મહત્વપૂર્ણ છે.

ભારતીય-અમેરિકન રિપબ્લિકન નેતા નિક્કી હેલીએ કહ્યું છે કે તેમને લાગે છે કે તેઓ દેશને નવી દિશામાં લઈ જવા માટે નવા નેતા બની શકે છે અને જો બિડેન માટે યુએસ પ્રમુખ તરીકે બીજી ટર્મ મેળવવી શક્ય નથી. ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં, દક્ષિણ કેરોલિનાના ભૂતપૂર્વ ગવર્નર અને સંયુક્ત રાષ્ટ્રમાં યુએસ એમ્બેસેડર જણાવ્યું હતું કે તે સંભવિત રાષ્ટ્રપતિની ચૂંટણી લડવાની યોજના ધરાવે છે. તે પૂછવામાં આવ્યું કે શું તે રાષ્ટ્રપતિની રેસમાં સામેલ થઈ રહી છે, ૫૧ વર્ષીય નેતાએ કહ્યું, "મને લાગે છે, તમે જોતા રહો." ઠીક છે, હું અહીં કોઈ જાહેરાત કરવાનો નથી.

# લાયસન્સ વિના બાઈક ટેક્સી ચાલુ ? રાખવાની અરજી હાઈકોર્ટે નકારી

મુંબઈ,તા.૨૧

પુણેમાં રેપિડો કંપનીની સેવા વિના પરવાના ચાલુ રાખવાની અરજી હાઈ કોર્ટે ગુણદોષના આધારે ફગાવી દીધી છે. બાઈક ટેક્સીની સેવા બચાવવા આવેલી કંપનીને ગયા અઠવાડિયે કોર્ટે ફટકાર્યા બાદ કંપનીએ બધી સેવા બંધ કરવાની કબૂલી આપી હતી. બાઈક ટેક્સી સાથે કંપનીની રિક્ષા, ડિલિવરી સેવા લાયસન્સ વિના ચાલતી હોવાનું નોંધીને કોર્ટે કંપનીને ફટકારી હતી.

હાઈ કોર્ટે ઠપકો આપ્યા બાદ કંપનીએ ૨૦ જાન્યુઆરી સુધી રાજયભરની સેવા બંધ કરવાની ખાતરી આપી હતી. એ પૂર્વે આ પ્રકરણે સુપ્રીમ કોર્ટમાં દાદ પણ માગી હતી. આના પર સોમવારે સુનાવણી અપેક્ષીત હતી, પણ હવે હાઈ કોર્ટે તેમની અરજી ફગાવી દેતાં કંપની નવેસરથી સુપ્રીમ કોર્ટમાં દાદ માગવી પડશે.

કોર્ટે નોંધ્યું હતું કે કંપનીની દલીલમાં વિસંગતી છે. એક બાજુ કહે છેકે રાજ્ય સરકાર ટુ વ્હીલરને લઈને કોઈ નીતિ ઘરાવતી નહોવાને કારણે લાયસન્સ રદ કરી શકે નહીં. બીજી બાજુ કેન્દ્રે જારી કરેલા મોટર વ્હિકલ એગ્રીગેટર્સ ગાઈડલાઈન્સ ૨૦૨૦અનુસાર રાજ્યનીકોઈ નીતિ નહોવાનું કારણ પણ દર્શાવે છે. કંપની પોતાની મોબાઈલ એપના માધ્યમે જો રાજ્યમાં કોઈ પણ સેવા વિના પરાવાના ગ્રાહકોને આપતી હોય તો તેના પરકાયદેસર કાર્યવાહી સરકાર કરી શકે છે, એમ કોર્ટે અરજી ફગાવતાં જણાવ્યું હતું.

પુણેની રેપિડો મોબાઈક એપ નિમિત્તે બાઈક ટેક્સીનો મુદ્દો હાઈ કોર્ટમાં ઉપસ્થિત થયો હતો. પુણેમાં સેવા આપતી કંપનીને સંવા બંધ કરવાની નોટિસ અપાઈ હતી તેને કંપનીએ પડકારી હતી. કંપનીએ દલીલ કરી હતી કે દસ લાખથી વધુ ગ્રાહકો છે અને ટ્રાફિક સંબંધી વિવિધ સેવા પૂરી પાડીએ છીએ. બાઈક ટેક્સી માટે પરવાના મેળવવા અરજી પણ કરી છે. સુનાવણીમાં સરકારે કોર્ટને માહિતી આપી હતી કે બાઈક ટેક્સી બાબતે નીતિ ઘડાવા સ્વતંત્ર સમિતિ તૈયાર કરવામાં આવી છે. સમિતિ ત્રણ નમહિનામાં અહેવાલ રજૂ કરશે ત્યાં સુધી સેવા બંધ કરવાની વિનંતી કોર્ટમાં કરાઈ હતી.

હાઈ કોર્ટે આ પૂર્વે સરાકરને નીતિ ઘડવાનો સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો. જૈસે થેની સ્થિતિ જાળવવાના સુપ્રીમ કોર્ટના આદેશનો અર્થ લાયસન્સ આપી દેવાયુંહોવાનું માની લેવાય નહીં.

ઉબર સંબંધે પણ કાર્યવાહીની પ્રક્રિયા શરૃ કરવામાં આવી હોવાનું એડવોકેટ જનરલ ડો. બીરેન્દ્ર શરાફે કોર્ટને જણાવ્યું હતું.

# જમ્મુ-કાશ્મીરમાં મિની બસ ૪૦૦ ફૂટની ખીણમાં પડી, ૬૦ વર્ષીય મહિલા સહિત પાંચના મોત

શ્રીનગર,તા.૨૧

જમ્મુ અને કાશ્મીરના કઠુઆ જિલ્લામાં મોડી રાત્રે એક મિની બસ રસ્તા પરથી ઊંડી ખીણમાં ખાબકતા ૫ વ્યક્તિઓના મોત થયા હતા. આ મૃતકોમાં એક મહિલા સહિત ૪ લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં ૧૫ લોકો ઘાયલ થયા હતા. પોલીસે આ ઘટનાની માહિતી આપી છે. પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માત બિલ્લાવરના સિલા ગામમાં મોડી રાત્રે થયો હતો. બસ ડ્રાઈવરે એક વળાંક પર કાબૂ ગુમાવતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.એક ઓવરલોડેડ મિની બસ ૪૦૦ ફૂટની ખીણમાં પડી ગઈ હતી. આ ઘટના અંગે સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર બસ મોંડલી ગામથી ધનુ પરોલ ગામ જઈ રહી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે આ ઘટનામાં એક ૬૦ વર્ષીય મહિલા સહિત ચાર લોકોને ઘટના સ્થળે મોત થયા હતા. આ ઉપરાંત અન્ય ૧૫ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ સ્થાનિક લોકોને થતાં તેઓ દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. મોડી રાત સુધી બચાવ કાર્ય ચાલુ હતું. ઘાયલોને પ્રાથમિક સારવાર બાદ મેડિકલ કોલેજ કઠુઆ રિફર કરવામાં આવ્યા હતા.

# નવી મુંબઈમાં રિડેવલમેન્ટ માટે હવે માત્ર ૫૧ ટકા સભ્યોની સંમતિ જરુરી

મુંબઈ,તા.૨૧

નવી મુંબઈનાં નિર્માણ આયોજન માટેનાં અધિકૃત સત્તા મંડળ સિટી એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (સિડકો) દ્વારા રિડેવલપમેન્ટને મંજૂરીની નીતિમાં બહુ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. અત્યાર સુધી સોસાયટીના તમામ ૧૦૦ ટકા સભ્યોની સંમતિ હોય તો જ રિડેવલપમેન્ટને મંજૂરી મળતી હતી. પરંતુ, હવે માત્ર ૫૧ ટકા સભ્યોની સંમતિ હશે તેવી બિલ્ડિંગના રિડેવલપમેન્ટને પણ મંજૂરી આપી દેવાશે. આ ફેરફારને પગલે સમગ્ર નવી મુંબઈમાં રિડેવલપમેન્ટનાં કામોમાં વેગ આવવાની સંભાવના છે. એક અંદાજ અનુસાર લગભગ ૪૦૦ જેટલી બિલ્ડિંગનાં અટવાયેલાં રિડેવલપમેન્ટ આ નીતિ બાદ તત્કાળ આગળ વધી શકે છે.

આ ફેરફારને લીધે હાલ નવી મુંબઈમાં જૂની ખખડધજ ઈમારતોમાં રહેતા હજારો રહેવાસીઓને ફાયદો મળશે. નેરુલ, તુર્ભે, વાશી, કોપરખૈરણે, ઘણસોલી, ઐરોલી, જુઈ નગર, કલમબોલી સહિતના વિસ્તારોમાં અનેક મકાનો જીર્ણશીર્ણ હાલતમાં છે. જોકે, રહેવાસીઓ વચ્ચે વ્યાપક સંમતિના અભાવે તેમનાં રિડેવલપમેન્ટ પ્લાન અટકી ગયા હતા. સિડકોએ ૨૦૧૩માં રિડેવલપમેન્ટ નીતિ ઘડી હતી તેમાં તમામ ૧૦૦ ટકા સભ્યોની સંમતિ જરુરી હતી. મતલબ કે આખી સોસાયટીમાંથી એકાદ સભ્ય પણ અસંમત હોય તો રિડેવલપમેન્ટ ની પ્રક્રિયા કડાકૂટભરી બની જતી હતી. વક્રતા એ હતી કે મહારાષ્ટ્ર સરકાર અગાઉથી જ ૫૧ ટકા સભ્યો સંમત હોય તો પણ રિડેવલપમેન્ટને મંજૂરીની નીતિ અમલી બનાવી ચુકી છે. આમ , રાજ્ય સરકારની અને સિડકોની નીતિ વચ્ચે વિસંગતતા હતી. તેના લીધે કેટલીક સોસાયટીઓએ મહારાષ્ટ્ર એપાર્ટમેન્ટ ઓનરશિપ એક્ટ તથા મહારાષ્ટ્ર રજિસ્ટર્ડ કો ઓપરેટિવ સોસાયટી એક્ટની જોગવાઈઓ અનુસાર મંજૂરીનો લાંબો રસ્તો બનાવવો પડતો હતો.

નવી નીતિમાં આ શરત ૧૦૦ ટકાને બદલે ૫૧ ટકાની કરવામાં આવી છે. તે સિવાય ૨૦૧૩ની નીતિની તમામ બાબતો યથાવત રહેશે. સભ્યોએ એક એફિડેવિટ દ્વારા પોતાની સંમતિની જાણ કરવાની રહેશે.

સામાન્ય રીતે, નવી મુંબઈ ડિસ્પોઝલ આફ લેન્ડ (સુધારા) રેગ્યુલેશન્સ, ૨૦૦૮ (અગાઉ, ન્યુ બોમ્બે ડિસ્પોઝલ આફ લેન્ડ રેગ્યુલેશન્સ, ૧૯૭૫) ની જોગવાઈઓને આધીન, સિડકો દ્વારા ૬૦ વર્ષ માટે ભાડાપટ્ટે પ્લોટની ફાળવણી કરવામાં આવે છે. પ્લોટના માલિકી અધિકારો સિડકો પાસે જ રહે છે. આથી, લીઝ કરાર મુજબ, હાઉસિંગ સોસાયટીએ હાલનું માળખું તોડી પાડવા અને તેની જગ્યાએ નવી ઈમારત બાંધવા માટે સિડકો પાસેથી અગાઉથી લેખિત પરવાનગી લેવી જરૃરી છે.

# સીબીઆઈને બીજો ફટકો વેણુગોપાલ ધૂતને પણ જામીન

મુંબઈ,તા.૨૧

આઈસીઆઈસીઆઈ બેક્ર અને વિડિયોકોન ગ્રુપ લોન કૌભાંડ પ્રકરણે વિડિયોકોન ગ્રુપના સ્થાપક વેણુગોપાલ ધૂતને હાઈ કોર્ટે જામીન રૃ. એક લાખના બોન્ડ પર મંજૂર કર્યા છે. કોચર દંપતીની જેમ ધૂતને પણ એક લાખના જામીન પર તાત્કાલિક જેલમાંથી છોડવાનો આદેશ અપાયો છે.

સીબીઆઈને તપાસમાં સંપૂર્ણ સહકાર આપવા, સાક્ષી પુરાવા સાથે કોઈ ચેડાં નહીં કરવા તથા પાસપોર્ટ જમા કરીને વિનાપરવાનગી વિદેશ નહીં જવાની શરત કોર્ટે મૂકી છે. આ પ્રકરણે તપાસ એજન્સીને આ બીજો ફટકો પડયો છે. દરમ્યાન જામીન અરજીનો વિરોધ કરતી વકિલોની અરજીને કોર્ટે રૃ. ૨૫ હજારના દંડ સાથે ફગાવી દીધી છે.

કોર્ટે નોંધ્યું હતું કે ધૂતની ધરપકડ યોગ્ય તપાસ અને સામસામી પૂછપરછ માટે કરવામાં આવી હોવાની એક માત્ર દલીલ છે. ધરપકડ વધુ ગુનો આચરતા અટકાવવા માટે કે પુરાવા સાથે ચેડાં કરી રહ્યા હોવાથી કરવામાં આવી હોવાનો કેસ નથી, એમ આદેશમાં કોર્ટે જણાવ્યું હતું.

ધૂતે સીબીઆઈ કસ્ટડીનો વિરોધ કરીને તાત્કાલિક જામીન પર છૂટકારો આપવાની માગણી કરી હતી. કોર્ટે ગત શુક્રવારે બાકી રાખેલો ચુકાદે એક સપ્તાહ બાદ જાહેર કર્યો છે. ડિસેમ્બર ૨૦૧૭માં આ પ્રકરમની પ્રાથમિક ફરિયાદ નોંધાયા બાદ ધૂત ૩૧ વાર તપાસ એજન્સી સામે હાજર થયા હતા. ક્યારેય ધૂતની ધરપકડ કરાઈ નહોતી. આરોપનામું દાખલ થયા બાદ પણ ધૂતે તપાસમાં સહકાર આપ્યો હોવાથી વિશેષ પીએમએલએ કોર્ટે જામીન મંજૂર કર્યા હતા. ઈડીએ આ પૂર્વે જ સમન્સ બજાવતાં ૨૩ અને ૨૫ ડિસેમ્બરે તેઓ સીબીઆઈના સમન્સ અનુસાર હાજર રહી શક્યા નહોતા. તેમ છતાં બીજા જ દિવસે સીબીઆઈએ તેમની ધરપકડ કરી હતી.બીજી તરફ આ પ્રકરણે જામીન પર છૂટલા આઈસીઆઈસીઆઈ બેક્રના માજી એમડી ચંદા કોચર અને તેમના પતિ દીપક તથા ધૂતને ડિસેમ્બરમાં સમન્સ બજાવાયા હતા. તપાસ માટે આવવાની આનાકાની કરી હતી.

# તંત્રી લેખ

## પશ્ચિમી મીડિયાનો દુરાગ્રહ

વિદેશી મીડિયાનો એક હિસ્સો ભારત પ્રત્યે દુરાગ્રહથી ભરેલો છે અને તે છાશવારે તેનો પરિચય પણ આપતું રહે છે, તે કોઈ નવી વાત નથી. તેના દુરાગ્રહનું જ એ પરિણામ છે કે તેણે પત્રકારત્વના મૂળ સિદ્ધાંતોની અવગણના કરીને પશ્ચિમી દેશો માટે અલગ માપદંડો રાખ્યા છે અને બાકી દેશો માટે અલગ માપદંડો રાખ્યા છે. તે વિકાસશીલ અને નિર્ધન દેશોને માત્ર પોતાના અલગ ચશ્માંથી નથી જોતું, બલ્કે તેના નેતાઓ અને ત્યાંની જનતાને પણ અલગ કસોટી પર કસે છે. તેનું તાજું પ્રમાણ છે બીબીસીની વડાપ્રધાન નરેન્દ્ર મોદી પરની ડોક્યુમેન્ટ્રી. આ દસ્તાવેજી ચિત્રણનું વિષયવસ્તુ એટલી હદે દુરાગ્રહી અને પક્ષપાતી છે કે પહેલી નજરે જ ખબર પડી જાય છે કે તેનો ઉદ્દેશ્ય નરેન્દ્ર મોદીની સાથે જ ભારતીય શાસન પ્રણાલી અને ન્યાયપાલિકાને મલિન કરવાનો અને તેને નીચું દેખાડવાનો છે. એવા એજન્ડા પાછળ શ્રેષ્ઠતા બોધનો અહંકાર પણ હોય છે. બીબીસી અને અન્ય પશ્ચિમી મીડિયા માધ્યમો આ અહંકારનું પ્રદર્શન કરતા જ રહે છે. વળી તેઓને અહીંના પાવલીછાપ કથિત પત્રકારોનો પણ સાથ મળી રહે છે. હાલના સમયમાં આવાં દુરાગ્રહી મીડિયા માધ્યમોએ કોરોના સંકટ અને પછી યુક્રેન યુદ્ધના સમયે પોતાના આ જ અહંકારનું પ્રદર્શન એટલી બેશરમીથી કર્યું કે તેઓ ખુદ બેનકાબ થઈ ગયા.

આશ્ચર્ય નહીં કે બીબીસીની ડોક્યુમેન્ટ્રી પર ન માત્ર બ્રિટિશ વડાપ્રધાને અસહમતિ વ્યક્ત કરી, પરંતુ ત્યાંના એક સાંસદે પણ આ મીડિયા સંસ્થાને ઘણી ઝાટકી નાખતાં કહ્યું કે તેણે પોતાના પક્ષપાતી રિપોર્ટિંગથી લોકતાંત્રિક રૂપે ચૂંટાયેલા ભારતના વડાપ્રધાન, ભારતીય પોલીસ અને ન્યાયપાલિકાની પણ બેઈજ્જતી કરી છે. એ સારું થયું કે ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ આ ડોક્યુમેન્ટ્રીને દુષ્પ્રચારનો હિસ્સો અને ઉપનિવેશિક માનસિકતાનો પર્યાય ગણાવ્યો. બીબીસીએ જાણીજોઈને તેની અવગણના કરી કે ગુજરાત રમખાણોની ગહન તપાસ સુપ્રીમ કોર્ટના નિરીક્ષણવાળા એક વિશેષ તપાસ દળે કરી હતી. જોકે બીબીસીએ પોતાના એજન્ડા અનુસાર જ એક પક્ષપાતી ડોક્યુમેન્ટ્રી બનાવવી હતી, તેથી તેણે દુષ્પ્રચારનો પણ સહારો લીધો. જે માનસિકતાથી બીબીસી ગ્રસ્ત છે, તેનાથી જ પશ્ચિમના અન્ય મીડિયા માધ્યમો પણ ગ્રસ્ત છે. તેઓ પોતાનો દુરાગ્રહ નથી છોડી શકતાં, તેથી તેમને ભારત અને એના જેવા દેશોમાં ખોટ જ ખોટ દેખાય છે. તેઓ ભારતમાં કોરોના સમયે લગાવેલા લોકડાઉનનાં દુષ્પરિણામ તો ગણે છે, પરંતુ યુરોપીય દેશોમાં તેને કારણે લાખો લોકોની જિંદગીઓ બચી હોવાનું જણાવે છે! એ જ રીતે તેઓ ભારતમાં કોરોનાને કારણે મરેલા લોકોની લાશો દેખાડે છે અને યુરોપ-અમેરિકામાં કોરોનાથી મચેલ હાહાકાર તરફ આંખ મિંચામણાં કરે છે. સમસ્યા એટલી જ નથી કે પશ્ચિમી મીડિયાનો એક હિસ્સો જ દુરાગ્રહી છે. સમસ્યા એ પણ છે કે તેના કથિત શોધ સંશોધન પણ આ જ માનસિકતાથી ગ્રસ્ત છે અને એ જ કારણે તેઓ એવા હાસ્યાસ્પદ તારણો કાઢે છે કે ભારત કરતાં વધારે ખુશી પાકિસ્તાનમાં છે!

# આન્યા મૃણાલ-પ્રકરણ -૨૬




મૃણાલપ.

આટલા લાંબા સમયનો ટુકડો મૃણાલ કેવી રીતે જીવી એ તો મૃણાલનો આત્મા જ જાણતો હતો. એ આ સમય જીવી જ ક્યાં હતી ? જાણે મણ મણની બેડીઓ પગમાં નાખી હોય અને એ વજન ઉંચકીને એ ચાલી હતી. એ વજન એનાં મન પર, એનાં હૃદય પર વેઠીને ચાલી હતી. જે દિવસે આન્યાને છોડીને એને નીકળી જવું પડ્યું હતું એ કારમો દિવસ તો આજે પણ એ ભૂલી શકી નહોતી. હૃદય પરનો લીલોછમ ઘા આજે પણ એને લોહીલુહાણ કરતો રહ્યો હતો. કઈ ભૂલની એને સજા થઈ હતી એની ય એને ક્યાં ખબર પડવા દીધી હતી. બસ કેરવના એક તરફી જક્કી વલણે એને આરોપી સાબિત કરી દીધી હતી. એને નિર્દોષતા સાબિત કરવાની ય ક્યાં તક અપાઈ હતી?

સતત એક અઠવાડિયું તો એ નિરવ,નિઃશબ્દ બુતની જેમ બેસી રહી હતી. મમ્મી અને પપ્પાએ એને મન સાથે સમજૂતી કરવા, મન સાથે સમાધાન કરવા,મનને મજબૂત બનાવવા પૂરતો સમય આપ્યો હતો પણ, મૃણાલે પોતાની જાતને સંકોરી લીધી હતી. એણે એનાં મન સાથે સમાધાન કર્યું કે નહીં એની શ્રીકાંતભાઈ કે ગાયત્રીબેનને ખબર પડે એ પહેલાં જ એણે નક્કી કરી લીધું હતું કે, એનું દુઃખ ફક્ત એનું જ રહેશે એનો આછો સ્પર્શ પણ એ મમ્મી ડેડીને નહીં જ થવા દે. એક વાત એણે નક્કી કરી લીધી કે આજથી એ એના મનની વેદના મનમાં જ સમાવીને રહેશે અને ખરેખર એ અંગારા પર ઠારેલી રાખની જેમ ઠરતી રહી.

મૃણાલને એક વાતની ખબર હતી કે જો એ અહીં મમ્મી ડેડીની નજર સામે રહેશે તો કદાચ આજે નહીંને કાલે પણ ઢીલી પડી જશે. નાનપણથી મમ્મીને રોલ મોડલ માનતી મૃણાલની નબળી કડી શ્રીકાંતભાઈ હતા. મમ્મી એક એવો સ્તંભ હતી જેના પર એ પોતાની કલ્પનાના મિનારા ઉભા કરી શકતી હતી પરંતુ, જ્યારે જ્યારે મૃણાલને સધિયારાની જરૂર પડતી ત્યારે ત્યારે એને માથું ટેકવવા પપ્પાના મજબૂત ખભાની જરૂર પડતી. શક્યતા એ પણ હતી કે આન્યાની યાદ એને ફરી એકવાર એ ઘર તરફ એને જવા મજબૂર કરે જે ક્યારેય એનું હતું જ નહીં.

એણે વિચારી લીધું કે અહીંથી દૂર જશે જ.

"મીરાં, તું અહીંથી દૂર જઈને ખરેખર તારી જાતને આન્યાથી દૂર કરી શકીશ?" મૃણાલનો નિર્ણય સાંભળીને શ્રીકાંતભાઈએ પૂછી લીધું. એ મૃણાલને ઢીલી પાડવા માંગતા નહોતા પણ એ જે નિર્ણય લે એમાં એટલી મજબૂતી છે કે નહીં એ ચકાસવા માંગતા હતા. મૃણાલનાં સ્મશાનવૈરાગ્ય સમ વર્તન અને વ્યહવારને નાણી લેવા માંગતા હતા.

"આન્યાથી દૂર જવાનો તો કોઈ સવાલ જ નથી પપ્પા. એ મારો અંશ છે અને એને હું મારા અસ્તિત્વથી અલગ કરી શકુ એમ પણ નથી. મને નથી ખબર કે, હું આન્યાથી કેટલી દૂર જઈ શકીશ પરંતુ ફીઝીકલી તો હું પ્રયત્ન કરી જ શકું ને પપ્પા?"

"વેલ, આ તારા કોઈ પણ નિર્ણયમાં અમારો તને સાથ છે જ અને મને વિશ્વાસ છે કે તું તારી રીતે સફળ જરૂર થઈશ. પોતાનું આકાશ શોધવાની ઈચ્છા દરેકને હોય જ છે અને હક પણ. હા, એના માટે દોડવાની હિંમત જોઈએ એ હિંમત આજે હું તારામાં જોઈ રહ્યો છું. મીરાં આજે ખરેખર મને લાગી રહ્યું છે કે તું તારાં આકાશમાં ઉડાન ભરવા જેટલી તાકાતવર બની રહી છો."

મૃણાલ આશ્ચર્યથી શ્રીકાંતભાઈ સામે જોઈ રહી. કેરવ સાથે લગ્નના નિર્ણય સમયે પપ્પામાં જે અવઢવ છલકાતી હતી અત્યારે એ ક્યાંય દેખાતી નહોતી એના બદલે એમના ચહેરા પર નિતાંત શાંતિ અને મૃણાલના સલામત ભાવિ માટેનો વિશ્વાસ દેખાતો હતો. મૃણાલને આ જ જોઈતું હતુ ને?

"સાચી વાત છે પપ્પા હવે મેં મારું આકાશ શોધી લીધું છે જે એકદમ સાફ છે. ક્યાંય કોઈ કાળી વાદળીની છાયા નથી. દૂર સુધી એ નિરભ્રતામાં મારી આન્યાને એક ધ્રુવની ટમટમતી તારલીની જેમ હું જોઈ શકું છું જે મારી દિશાસૂચક બની રહેશે,. હવે પછીના તમામ વર્ષોમાં એને પામવા સુધી ટકી રહેવાનું બળ પણ એ જ બની રહેશે."

એરપોર્ટ પર મૃણાલ ચેકિંગ કરીને સિક્યોરિટી માટે જતી દેખાઈ ત્યાં સુધી શ્રીકાંતભાઈ ગાયત્રીબેન અને અજયભાઈ ઊભા રહ્યા. મૃણાલે અંદરથી સજ્જાઈ ધારણ કરી લીધી હતી. બહારથી મજબૂત અને સ્વસ્થ દેખાતી મૃણાલે જાણે અંદરથી પણ નિર્લેપતા ધારણ કરી લીધી હતી. એને પોતાનેય ખબર નહોતી કે એ ક્યારે પાછી આવશે. અરે, આવશે કે કેમ એની ય એને ધારણા નહોતી. બસ જવું હતું. આ બધાથી દૂર, આ ઘર, આ નગર, આ શહેર અને ખાસ તો એ બધી જ કડવી યાદોથી. ડર લાગતો હતો કે રખેને એ કડવાશ એના ભીતરમાં ઊતરી ન જાય.

એ પછીના વર્ષોની એકલતા એણે પૂરેપૂરી સ્થિતપ્રજ્ઞતાથી પસાર કરી. કશું જ એને સ્પર્શતુ નહોતું બધું જ પાછળ છોડ્યા પછીની આ નવી દુનિયા સાથે ય જાણે એને કોઈ સંબંધ નહોતો એટલી હદે એ નિર્લેપ બનતી ગઈ.

કામથી કામ અને બાકીનો સમય આન્યાની યાદોપ.

રોડ આઈલેન્ડની આર્ટ એન્ડ ડિઝાઈન કૉલેજની માસ્ટર્સ ડીગ્રી, એ પછીના બે વર્ષ આર્ટિકલશિપમાં એણે એની જાતને એટલી તો ઓતપ્રોત કરી લીધી કે જાણે એ સિવાયની બીજી કોઈ દુનિયા જ ન હોય. સમય મળે ત્યાં એપરલ અને ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈનિંગ,આર્ટ હિસ્ટ્રી,પેન્ટિંગ, ફોટોગ્રાફીના નાના નાના કોર્સ.

એને એટલી ખબર હતી કે એને શ્વાસ લેવાનો પણ જો સમય મળશે તો એના એક એક શ્વાસ એક યુગ જેટલો લાંબો લાગશે .

આ બધી વ્યસ્તતા વચ્ચે એક પણ દિવસ એવો નહોતો કે એણે આન્યાને જોઈ ન હોય. અજયભાઈ આન્યાની જાણ બહાર મૃણાલને એની દીકરી સાથે મેળવતા રહ્યા હતા. આન્યાની પ્રગતિ જ મૃણાલનાં જીવનની ગતિ હતી.

સ્વદેશ પાછા ફરીને પણ એક વાત નિશ્ચિત હતી કે ભૂતકાળથી જોડાયેલી તમામ કડીઓથી એ દૂર જ રહેશે. મુંબઈ એક એવી નગરી હતી જ્યાં ઘરમાં રહેતો હોય એ માણસ પણ ખોવાયેલો રહે.

હજુ ય એને એની પરિચિત દુનિયાથી ખોવાયેલાં રહેવું હતું . એને ઓળખતી દુનિયાથી દૂર રહેવું હતું જ્યાં એને કોઈ અંગત સવાલ ન કરે. જ્યાં એને કોઈ જાણતું ન હોય ત્યાં ખોવાઈ જવું હતું. એને દોડતી, ભાગતી, હાંફતી આ નગરી સાથે તાલમેલ મેળવવા સતત ભાગતા રહેતા લોકોની જેમ એને પણ ભાગતાં જ રહેવું હતું.

કોનાથી મૃણાલ? કોનાથી હજુ તારે ભાગતાં રહેવું છે? ઉકળતા ખદબદતાં પાણીમાં ઉફળતી બુંદોની જેમ ક્યારેક મનમાં સવાલ ઉઠતો પણ એ સવાલનો જવાબ આપવા માટે પણ મન તૈયાર નહોતું કારણકે એના જવાબમાં કંઈ કેટલાય સંદર્ભોના, કેટલાય સંબંધોના સત્યો સપાટી પર આવીને ઊની ઊની વરાળની જેમ એને દઝાડશે એની ય એને ખબર હતી.

સવાલો અને જવાબોના અંગારા ઉપર થઈને પસાર થતી મૃણાલ માટે બસ મૌન એ જ એક મધ્ય માર્ગ હતો જેના પર ચાલીને એના પગ ઓછામાં ઓછા દાઝવાના હતા અને એટલે જ એણે એ માર્ગ અપનાવી લીધો.

મુંબઈ આવીને સ્થિર થઈ , નામ દામ શોહરત મેળવી. એક એવી ઊંચાઈને આંબી જ્યાં પહોંચવાનું ક્યારેક એણે સપનું જોયું હતું.આ બધાની વચ્ચે એ સતત આન્યા માટે તલસતી રહી, તરફડતી રહી પરંતુ એ તલસાટ એ તરફડાટ ક્યારેય એણે ભીતરની બહાર છલકાવા ન દીધો. ક્યારેક શ્રીકાંતભાઈ કે ગાયત્રીબેનને નવાઈ લાગે એટલી હદે એણે હોઠ સીવી લીધા હતા. શ્રીકાંતભાઈ અને ગાયત્રીબેન અવારનવાર મુંબઈ આવીને મૃણાલ પાસે રહી જતા પરંતુ જ્યાંથી એ નીકળી હતી એ તરફ એણે ક્યારેય પાછા વળીને નજર સુદ્ધાં ન કરી.

આલેખનઃ રાજુલ કૌશિક

## ૨૬ જાન્યુઆરીથી અભિયાન શરૂ થશે, કાર્યકર્તા રાહુલ ગાંધીનો પત્ર ઘરે-ઘરે પહોંચાડશે



નવીદિલ્હી,તા.૨૧

કોંગ્રેસનું 'હાથ સે હાથ જોડો' કેમ્પેન ૨૬ જાન્યુઆરીથી શરૂ થશે અને તે ૨૬ માર્ચ સુધી ચાલવાનું છે. જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં એક પ્રેસ કોન્ફરન્સમાં પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા જયરામ રમેશે આ મામલે જાણકારી આપી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસના કાર્યકર્તા ઘરે-ઘરે જઈને પ્રચાર કરશે, ૬ લાખ ગામડાં, ૨.૫ લાખ ગ્રામ પંચાયતના ૧૦ લાખ મતદાન કેન્દ્રોના દરેક ઘર સુધી પહોંચશે, જ્યાં તે રાહુલ ગાંધીના પત્ર લોકોને સોંપશે.

હાથ સે હાથ જોડો અભિયાન ૨૬ જાન્યુઆરીથી ૨૬ માર્ચ સુધી ચાલવાનું છે. આ અભિયાન દરમિયાન, પાર્ટી સામાન્ય જનતા સાથે જોડાવવાનો પ્રયત્ન કરશે. તેમજ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના પત્ર સાથે ભાજપ સરકારની નિષ્ફળતાઓની એક ચાર્જશીટ પણ દરેક ઘરે આપવામાં આવશે. બીજી બાજુ આ અભિયાનનો હેતુ કોંગ્રેસના કાર્યકર્તાઓમાં નવી ઊર્જા ઉત્પન્ન કરવાનો પણ રહેશે.રાજસ્થાનના શહેરી વિકાસ મંત્રી શાંતિ કુમાર ધારીવાલના જયપુર સ્થિત આવાસ પર સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ નેતા આરસી ખુંટિયાએ કહ્યું કે, આ રાહુલ ગાંધી અને કોંગ્રેસનું સૌથી મોટું અભિયાન છે. ત્યારે આ વાતની જાણકારી મળ્યા બાદ પણ કોંગ્રેસના કોઈ નેતા, અધિકારી કે સાંસદ આમાં સામેલ નહિ થાય તો તે ગંભીર બાબત ગણાશે.તેમણે કહ્યું કે, અભિયાન દરમિયાન કોંગ્રેસના દરેક કાર્યકર્તા અને અધિકારી વિસ્તારના મતદારોના ઘરે-ઘરે જઈને તેમને રાજ્ય સરકારની યોજનાઓ અને કોંગ્રેસની વિચારધારાથી માહિતગાર કરાવશે. ભારત જોડો યાત્રા દરમિયાન જે સંદેશ સામાન્ય લોકોને આપવામાં આવ્યો, તેને હવે હાથ સે હાથ જોડો અભિયાન હેઠળ ઘરે-ઘરે પહોંચાડવામાં આવશે. ૭ સપ્ટેમ્બર ૨૦૨૨એ તમિલનાડુના કન્યાકુમારીથી શરૂ થયેલી ભારત જોડો યાત્રા ૧૯ જાન્યુઆરી ૨૦૨૩એ જમ્મુ-કાશ્મીર પહોંચી હતી. ૧૨૫ દિવસમાં રાહુલ ગાંધી ૧૩ રાજ્યોમાંથી પસાર થયા. ત્યારે જમ્મુ-કાશ્મીરમાં તે નવ દિવસ સુધી રહેશે અને યાત્રા ૩૦ જાન્યુઆરીએ સમાપ્ત થશે. જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશતા પહેલાં રાહુલે પઠાનકોટ બોર્ડર પર કહ્યું, 'હું જાણું છે કે, અહિંયાના લોકો દુઃખી છે, હું સમજું છે કે દરેકને દુઃખ થયું છે, દરેક વ્યક્તિક પરેશાન છે. હું તમારી પીડા વહેંચવા આવ્યો છું.' આ દરમિયાન રાહુલ ગાંધી સાથે મોટી સંખ્યામાં સમર્થકો પણ હાજર હતા.

### અમદાવાદની સ્કૂલમાંથી વિદ્યાર્થી ગુમ

## પરિવારે સ્કૂલે પહોંચીને હોબાળો કર્યો તો સંચાલકે પોલીસમાં જવાબ લખાવ્યો

અમદાવાદ,તા.૨૧

અમદાવાદના ઠક્કરબાપાનગરમાં આવેલી રઘુવીર સ્કૂલમાંથી ધોરણ ૯માં ભણતો માનવ નામનો વિદ્યાર્થી ગઈકાલ સવારથી ગુમ થયો છે. આ અંગે માનવનાં માતા-પિતાને જાણ થતાં તેઓ સ્કૂલે પહોંચ્યાં હતાં. તેમણે માનવના ગુમ થવા માટે સ્કૂલની બેદરકારીને જવાબદાર ગણાવી હતી અને સ્કૂલમાં હોબાળો કર્યો હતો. ત્યારે સ્કૂલના સંચાલકે પોલીસમાં જવાબ નોંધાવ્યો છે.

આ સાથે આજરોજ બીજા દિવસે પણ માનવ ન મળતાં પરિવારે સ્કૂલે પહોંચી હોબાળો કર્યો હતો. આ ઘટનાને પગલે સ્કૂલ મેનેજમેન્ટ પણ દોડતું થયું છે. સ્કૂલ દ્વારા પરિવારને યોગ્ય જવાબ ન મળવાનો આક્ષેપ કરી પોલીસ ફરિયાદ કરવા અંગે પરિવારે જણાવ્યું હતું. આ સાથે માનવનાં દાદીએ જણાવ્યું હતું કે સ્કૂલવાળા અમને કહે છે કે શું મદદ જોઈએ છે. અમારે મદદમાં પૈસા નથી જોઈતા, બસ અમને અમારો દીકરો શોધી આપો. બીજી મદદ નથી જોઈતી, આટલી મદદ સ્કૂલવાળા કરે.

સ્કૂલના સંચાલક કુલદીપભાઈએ જણાવ્યું હતું કે, માનવનું એસાઈમેન્ટ ચેક કરતા તેણે અન્ય વિદ્યાર્થીનું એસાઈમેન્ટ ચોરી કર્યું હતું અને પોતાનું એસાઈમેન્ટ લાવ્યો ન હતો, જેથી તેના વાલીને સ્કૂલે બોલાવવામાં આવ્યા હતા અને તેને બહાર બેસાડવામાં આવ્યો હતો. માનવના પિતા આવે તે પહેલાં જ માનવ સ્કૂલમાંથી ભાગી ગયો હતો. માનવના પિતા સગા પિતા નથી તેના સાવકા પિતા છે.

ઠક્કરબાપાનગરમાં આવેલી રઘુવીર સ્કૂલમાંથી ધોરણ ૯માં ભણતો માનવ સવારે ૯:૨૫ વાગ્યે અચાનક જ સ્કૂલ બહાર જતો રહ્યો હતો છે. આ અંગે તેના પરિવારને જાણ થતાં જ તેઓ સ્કૂલમાં આવી જાય છે.

તેમણે સ્કૂલમાં હોબાળો મચાવ્યો કે શા માટે હજી સુધી માનવ મળ્યો નથી. ગઈકાલે ગુમ થયેલો માનવ આજે પણ ના મળતાં તેનાં માતા-પિતા ફરીથી સ્કૂલે પહોંચ્યાં હતાં અને હોબાળો કર્યો હતો. માનવનાં માતા-પિતાનો આક્ષેપ કર્યો છે કે સ્કૂલની બેદારકારીને કારણે જ અમારો માનવ ગુમ થયો છે અને સ્કૂલ દ્વારા આ અંગે કોઈ જવાબ આપવામાં આવ્યો નથી.

માનવના ગુમ થવાની જાણ થતાં જ તેનો પરિવાર સ્કૂલ પર પહોંચ્યો હતો. માનવનાં માતા-પિતા સહિતના પરિવારજનોએ સ્કૂલ પર જઈને હોબાળો કર્યો હતો. પરિવારનો આક્ષેપ છે કે સ્કૂલની બેદરકારીને કારણે જ માનવ સ્કૂલમાંથી ભાગીને ગુમ થયો છે. આ અંગે સ્કૂલને પણ રજૂઆત કરી છતાં સ્કૂલ તરફથી કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. સ્કૂલના મેઈન ગેટ પર ચોકીદાર કે કોઈ હાજર નહોતું.ગઈકાલે ગુમ થયેલો માનવ હજુ સુધી ન મળતાં આજે ફરીથી પરિવારે સ્કૂલે પહોંચી હોબાળો કર્યો હતો.



સ્કૂલમાં લગાવેલા બે સીસીટીવી કેમેરામાં વિદ્યાર્થી સ્કૂલની બહાર જતો જોવા મળે છે, જેમાં પ્રથમ કેમેરામાં વિદ્યાર્થી સ્કૂલના એક બાકડા પર એકલો બેઠો છે, જેની થોડે દૂર અન્ય સ્કૂલનાં બાળકો પણ રમતાં નજરે પડે છે. તે સ્કૂલમાંથી ભાગવા માટે પોતાની નજર આજુબાજુમાં ફેરવતો પણ જોવા મળે છે. એ બાદ તેની બાજુમાંથી એક વ્યક્તિ બહાર જતી જોવા મળે છે. ત્યાર બાદ વિદ્યાર્થી ઊભો થઈને બન્ને બાજુ જુએ છે અને કોઈનું ધ્યાન ન હોવાથી દોટ મૂકી બહાર જતો જોવા મળે છે. તો બીજા કેમેરામાં તે એકદમ ઝડપી દોડી મેઈન ગેટની બહાર જતો નજરે પડી રહ્યો છે. આ સમગ્ર ઘટના સ્કૂલના ઝઝૂફમાં કેદ થવા પામી છે.

માનવના પિતા ધર્મેશભાઈએ જણાવ્યું હતું કે અમારો દીકરો સ્કૂલમાંથી જ ગુમ થયો છે. અમારે તો અમારો દીકરો જોઈએ છે. સ્કૂલ દ્વારા અમને કોઈ જવાબ આપવામાં આવતો નથી, જેથી અમે આજે પોલીસને જાણ કરી છે. માનવનાં માતા શિલ્પાબેને જણાવ્યું હતું કે ૨૪ કલાક થઈ છતાં અમારો દીકરો મળ્યો નથી, મારે તો મારો દીકરો જોઈએ છે. સ્કૂલ તરફથી કોઈ મદદ મળતી નથી. આ સાથે માનવના દાદીએ જણાવ્યું હતું કે સ્કૂલવાળા અમને કહે છે કે શું મદદ જોઈએ છે. અમારે મદદમાં પૈસા નથી જોઈતા, બસ અમને અમારો દીકરો શોધી આપો. બીજી મદદ નથી જોતી, આટલી મદદ સ્કૂલવાળા કરે.

## ખોડલધામ ટ્રસ્ટમાં અનાર પટેલ સહિત નવા ૪૦થી વધુ ટ્રસ્ટીઓનો સમાવેશ કરવામાં આવ્યો

રાજકોટ,તા.૨૧

રાજકોટના કાગવડમાં આવેલું પાટીદારોનું ખોડલધામ આજે તેના સાતમા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે. ત્યારે આજે ખોડલધામ ખાતે ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્ય સરકારના અનેક મંત્રીઓ અને ધારાસભ્યોએ હાજરી આપી. ત્યારે આ પ્રસંગની ખાસ વાત એ છે કે, ટ્રસ્ટમાં ૪૦ નવા ટ્રસ્ટીઓનો સમાવેશ કરાયો છે. આ તમામ ગુજરાતના દિગ્ગજ પાટીદારો છે. જેમાં ખાસ તો, પૂર્વ મુખ્યમંત્રી આનંદી પટેલના પુત્રી અનાર પટેલનો પણ સમાવેશ કરાયો છે. અનાર પટેલ ખોડલધામ ટ્રસ્ટના પ્રથમ મહિલા ટ્રસ્ટી બન્યા છે. મોટી સંખ્યામા પાટીદાર સમાજના આગેવાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં છે.

અનાર પટેલ સહિત નવા ૪૦ થી વધુ ટ્રસ્ટીઓનો આજે ખોડલધામમાં સમાવેશ કરાયો છે જેમાં જગદીશભાઈ ડોબારીયા - જેપી ઈન્ફ્રા,ગુણવંતભાઈ ભાદાણી - સ્વાગત ગ્રૂપ,દુષ્યંતભાઈ ટીલાળા - રાજન ટેકનોકાસ્ટ,વીપી વૈષ્ણવ - ચેમ્બર પ્રમુખ,ચંદ્રકાંતભાઈ ભાલાળા - બાલાજી મલ્ટીપ્લેક્સ, વિમલભાઈ પાદરીયા - સિદ્ધી વિનાયક ગ્રૂપ,સંજય સાકરીયા - આસોપાલવ ગ્રૂપ,મનોજ સાકરીયા - સોપાન ગ્રૂપ,રમેશ પાંભર - ટેકલાઈન ઈન્ડસ્ટ્રીઝ,વિનુભાઈ સરધારા - મારૂતિ ગ્રૂપ,કમલનયન સોજીત્રા - ફાલ્કન ગ્રૂપ,ચંદુભાઈ પરસાણા - દિનેશ પરસાણા,અશોક પટેલ - જય ગણેશ ઓટો,પરસોત્તમભાઈ નારણભાઈ ગેવરીયા,નીરવભાઈ દેવચંદભાઈ ખૂટ,દિનેશભાઈ બટુકભાઈ સિયાણી,ચતુરભાઈ રામજીભાઈ ચોડવડીયા,રમેશ મેસિયા,ઘનશ્યામભાઈ પોપટભાઈ હીરપરા,નાગજીભાઈ શિંગાળા,દિનેસભાઈ ભગવાનભાઈ બાંભણિયા,સુસ્મિતભાઈ રોકડ,ધ્રુવભાઈ વિનોદભાઈ તોગડીયા,નૈમિષભાઈ રમેશભાઈ ધડુક,રસિકભાઈ મારકણા,રમેશભાઈ કાથરોટીયા,મનીષાભાઈ મુંગલપરા,દેવચંદભાઈ કપુપરા,મનસુખભાઈ ઉઘાડ,રસિકભાઈ ઝાલાવાડિયા,મનસુખભાઈ નારણભાઈ રાદડિયા,હિંમતભાઈ બાબુભાઈ શેલડિયા,ભૂપતભાઈ પોપટભાઈ રામોલિયા,ભરતકુમાર ત્રિભોવનદાસ પટેલ,પંકજકુમાર નાથાભાઈ ભુવા,કિશોરભાઈ સાવલિયા,નાથાભાઈ મુંગરા,નેહલભાઈ પટેલ,જીતુભાઈ તંતી,પ્રવીણભાઈ વલ્લભભાઈ પટેલનો સમાવેશ થાય છે

## ઈન્ડિયન આર્મીની મોટી કાર્યવાહીઃ ઘૂસણખોરીના થોડા જ દિવસોની અંદર મસૂદ અઝહરના ત્રણેય ભત્રીજા ઠાર

નવીદિલ્હી,તા.૨૧

કાશ્મીર ઘાટીમાં આતંકવાદી ગતિવિધિઓને બેઅસર કરવા માટે સુરક્ષા દળોનું ઓપરેશન ચાલી રહ્યું છે. આ અંતર્ગત પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ચીફ મસૂદ અઝહરના ત્રણ ભત્રીજાઓને સુરક્ષા દળોએ ઠાર કર્યા છે. ત્રણેય ભારતમાં ઘૂસણખોરી કરી ચૂક્યા હતા. આ ત્રણેય આતંકવાદી ગતિવિધિઓથી કાશ્મીરની ઘાટીમાં આતંક મચાવવા માંગતા હતા. જો કે, સુરક્ષા દળોએ તેમની હિંમતનો પરચમ લહેરાવતા ત્રણેય આતંકીવાદીઓને ઠાર કર્યા છે.

પૂર્વ ચિનાર કોર્પ્સ કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ અનિલ ભટ્ટ (નિવૃત્ત) એ પોડકાસ્ટ પ્રોગ્રામમાં આ માહિતી શેર કરી હતી. તેમણે કહ્યું કે, આતંકી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનનો કમાન્ડર નવ મહિનાથી વધુ જીવીત નથી રહી શકતા. તે પહેલા જ તેને ઠાર કરી દેવામાં આવે છે. સ્થાનિક લોકો હવે આતંકવાદથી દૂર રહેવા માંગે છે.

આતંકવાદી સંગઠનો માટે સ્થિતિ મુશ્કેલ બની ગઈ છે. જેના પરિણામ સ્વરૂપ જૈશના વડા મૌલાના મસૂદ અઝહરે તેના ભત્રીજાઓને ત્રાલ ક્ષેત્રમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે મોકલ્યા હતા. પરંતુ તેના પ્રયાસોને નિષ્ફળ બનાવી દેવામાં આવ્યા છે. એક ભત્રીજાને ૧૫ દિવસની અંદર ઠાર કરવામાં આવ્યો હતો.

## હવે અમેરિકામાં મંદિરમાં ચોરીઃ તસ્કર દાન પેટી ઉઠાવી ગયો

ટેકસાસ,તા.૨૧

અમેરિકામાં પણ હવે હિન્દુ મંદિરની દાનપેટીના તાળા તૂટવા લાગ્યા છે. આ દેશના ટેકસાસ રાજયના બ્રાજોસ વેલી સ્થિત શ્રી ઓમકારેશ્વર મંદિરની દાનપેટી અને તિજોરી તસ્કરો લઈ ગયા હતા. બ્રાઝોસ વેલીમાં આ એકમાત્ર મંદિર છે જયાં ખાસ કરીને દક્ષિણ ભારતીયો વસે છે.

મંદિરના ટ્રસ્ટી શ્રીનિવાસને જણાવ્યું કે, ચોરીની ઘટના મંદિરના સીસીટીવીમાં કેદ થઈ છે. એક ચોર બારી તોડીને મંદિરના પરિશ્રમમાં ઘુસીને પછી દાનપેટી તથા નાની તિજોરી ઉઠાવીને આસાનીથી બહાર ચાલ્યો જાય છે. મંદિરની પાછળ જ પુજારી અને તેનું પરિવાર રહે છે. જો કે તેઓ સુરક્ષિત હતા. તિજોરીમાં મંદિરના કિંમતી આભૂષણ વિ. રખાતા હતા અને દાનપેટીમાં સ્થાનિક ભકતો દ્વારા કરાયેલું દાન હતું.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલ સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001